૯

ડૉ. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના હેઠળ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં મકાન સહાય તેમજ ટોયલેટ સહાય ચુકવવા બાબત તેમજ મકાનની ટોચમર્યાદા તેમજ સહાય ચૂકવવાની પધ્ધતિ નિયત કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૧૮/૨૫૮૫૩૭/ગ,
સચિવાલય, ગાંધીનગર
તા. / /૨૦૧૮
28 NOV 2018

<u>વંચાણે લીધા</u>:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૧/૦૧/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૨૦૦૩/૨૨૦૧/ગ.
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: અબડ/૧૨૨૦૧૭/૯૬૨/હ.
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૫/૦૬/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: અબડ/૧૨૨૦૧૮/૧૨૪૧/હ.
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: હસલ/૧૨૨૦૧૩/૮૭૩૦૭૫/હ.
(૫) મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના તા. ૦૧/૦૫/૨૦૧૮ના પત્ર ક્રમાંક: આંસકાઆયો/૨૦૧૮-૧૯/પ્રો(૫)/૧૦૮૧.

<u>આમુખ</u> :

આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના આ વિભાગના તા.૩૧/૦૧/૨૦૦૮ના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા ડૉ. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના હેઠળ સફાઇ કામદારો અને તેમના આશ્રિતોને મકાન સહાય ચુકવવામાં આવે છે. ઉક્ત ક્રમ (૫) પરના મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના વંચાણે લીધેલા પત્રથી મેનેજીંગ ડિરેકટરશ્રી દ્વારા ડૉ. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજનામાં ઉક્ત ક્રમ (૨) અને (૩) પર વંચાણે લીધેલા ઠરાવના ધોરણે સહાયના ધોરણમાં સુધારો કરવાની દરખાસ્ત અત્રે કરેલ હતી, જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા અમલિત ડો. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના હેઠળ આપવામાં આવતી સહાય તેમજ પ્રસ્તુત સહાય ચુકવવાની પધ્ધતિ તેમજ ટોચ મર્યાદા નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

ડો. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના હેઠળ મળવાપાત્ર સહાય:

પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા અમલિત ડો. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના હેઠળ સહાયનું ધોરણ શહેરી વિસ્તારમાં રૂ. ૪૫,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૭૦,૦૦૦/- થી વધારીને શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં સમાન ધોરણે રૂ. ૧,૨૦,૦૦૦/- (અંકે એક લાખ વીસ હજાર પુરા) કરવાનું આથી ઠરાવવામાં આવે છે. વધુમાં શૌચાલય માટે જેમને રૂ. ૧૨,૦૦૦/- (અંકે રૂપિયા બાર હજાર પુરા)ની સહાય મળવાપાત્ર હોય તેમને  અલગથી તે યોજનાના નિયમો પ્રમાણે આપવી, પરંતું  જો લાભાર્થીને શૌચાલય સહાય ન મળવાપાત્ર હોય તો તેમણે ફરજીયાત રૂ. ૧,૨૦,૦૦૦/-ની સહાયમાંથી શૌચાલય બનાવવાનું રહેશે તેમ ઠરાવવામાં આવે છે. અત્રે એ પણ સ્પષ્ટતા કરવામાં આવે છે કે શહેરી વિકાસ વિભાગ હેઠળની કન્વર્ઝન કરાતી આવાસ યોજનાઓમાં પણ ફાળા સ્વરૂપે  કે અન્ય રીતે , ફાળો હોય ત્યાં ફાળાની મર્યાદામાં લાભાર્થીને અપાતી પૂરક સહાયમાં પણ આ ઠરાવ લાગુ પડશે.

સહાય ચુકવવાની પધ્ધતિ :

(i) પ્રથમ હપ્તો રૂ.૪૦,૦૦૦/-   (વહીવટી મંજૂરીના હુકમ સાથે )

(ii) બીજો હપ્તો રૂ.૬૦,૦૦૦/-   (લીન્ટલ લેવલે પહોંચ્યા બાદ )

(iii) ત્રીજો હપ્તો રૂ.૨૦,૦૦૦/-   (શૌચાલય સહિત આવાસનું બાંધકામ પૂર્ણ થયેથી)

મકાન બાંધકામ ખર્ચ ટોચ મર્યાદા :

(i) ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૫.૦૦ લાખ

(ii) શહેરી વિસ્તાર માટે રૂ.૭.૦૦ લાખ

શહેરી વિસ્તારમાં Affordable Housing Scheme હેઠળ આપવામાં આવતી સહાયમાં ઉપરની ટોચ મર્યાદા લાગુ પડશે નહીં. એટલે કે જે તે યોજના હેઠળ જે ટોચ મર્યાદા હશે તે લાગુ પડશે.

શરતો:-

(૧) આ ઠારવનો અમલ ઠરાવ થયાની તારીખથી કરવાનો રહેશે.

(૨) આ યોજના અન્વયેની હાલની અન્ય તમામ શરતો/જોગવાઇઓ યથાવત રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં જે તે સદર હેઠળ પાડવાનો રહેશે. અને તે સદર હેઠળ દર વર્ષે કરવામાં આવતી જોગવાઇઓમાંથી મેળવવાનો રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ ચાલુ નાણાંકીય વર્ષની મંજૂર થયેલ બજેટ જોગવાઇની મર્યાદામાં કરવાનો

રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) ચાલુ નાણાંકીય વર્ષમાં મહત્તમ અંદાજીત ૫૫૦ (પાંચસો પચાસ) લાભાર્થીની મર્યાદામાં લાભ આપવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં)ની તા.૧૯/૧૧/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું,
૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

નકલ રવાના :

માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧, સરદારભવન, ગાંધીનગર
માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સરદારભવન, ગાંધીનગર
માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સરદારભવન, ગાંધીનગર
માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સરદારભવન, ગાંધીનગર
તમામ માન.મંત્રીશ્રી/માન.રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સરદારભવન, ગાંધીનગર
મુખ્ય સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સરદારભવન, ગાંધીનગર
અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (સર્વે વિભાગો), સરદારભવન, ગાંધીનગર
મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

*સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), સરદારભવન, ગાંધીનગર
અધિક સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી(તમામ), સા.ન્યા.અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર
સર્વે ઉપ સચિવશ્રી, સા.ન્યા.અને.અ.વિ., સચિવાલય, ગાંધીનગર
સર્વે શાખાઓ, સા.ન્યા.અને.અ.વિ., સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી (અ.જા.ક.), ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર- જિલ્લા કક્ષાએ પરિપત્રિત કરવાની વિનંતી સહ.
*સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સેકશન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સા.ન્યા.અને.અ.વિ., સરદારભવન, સચિવાલય, ગાંધીનગર
વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ
સિલેક્ટ ફાઇલ-૨૦૧૮

*નિયામકશ્રી(અજાક) મારફત.